

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ક્યાંક ભાંગે ક્યાંક તોડે, કેસરીયો ઝંડો ખોડે છે,*
*ક્યાંક બાંધે ક્યાંક છોડે સ્વાર્થના સંબંધો જોડે છે,*
*દોડે છે પૂરપાટ સત્તા પાછળ, આંખ મીંચીને -*
*વિકાસની પડી નથી, લાલસાની મટકી ફોડે છે...*

### હાઈકુ

*લ્યો! કરી નાખ્યો!*
*ભાજપ ને જ હવે*
*કોંગ્રેસ યુક્ત*
*(ભાજપ નો ભરડો)*

*કોળિયો કરી,*
*- ને હવે ગળી જાવ!*
*પનીર-સામી!*
*(દક્ષિણી વાનગી)*

### ચિંતન

**યો ધ્રુવાણિ પરિત્યજ્ય અધ્રુવં પરિષેવતે ।**
**ધ્રવાણિ તસ્ય નશ્યન્તિ અધ્રુવં નષ્ટમેવ ચ ॥**

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે વ્યક્તિ નિશ્ચિત કાર્ય છોડી અનિશ્ચિત કાર્યની પાછળ દોડે છે, તે હાથમાં આવેલું કાર્ય કે પ્રાપ્ત થયેલી ચીજવસ્તુ ગુમાવે છે.

જે વસ્તુ નક્કી કરવાની જ હોય તેને મેળવવા જ પ્રયત્નો કરવા જોઈએ. અને તેને લગતા કાર્યને જ પહેલાં પૂર્ણ કરવું જોઈએ. જે ચીજવસ્તુ મળશે તેની ખાતરી ન હોય તેની પાછળ દોડવાનો કોઈ અર્થ નથી. દિશાહીન દોટ મુકનાર વ્યક્તિના હાથમાં કાંઈ આવતું નથી.

હિંદીમાં કહેવત છે કે 'આધી તજ પૂરી કો ધાવે, આધી મિલે ન પૂરી કો પાવે' એટલે કે જે મનુષ્ય એક કામ પૂર્ણ ન થયું હોય અને બીજું કાર્ય મેળવવા ભાગદોડ કરે છે એનું અડધું પૂર્ણ થયેલું કાર્ય પણ નાશ પામે છે.

### સુવિચાર

- ઈશ્વર એવો ક્ષમાવાન છે કે જે આપણને હંમેશા પસ્તાવાની તક આપે છે - **ગાંધીજી**
- ગરીબાઈ એવો રાક્ષસ છે જે સુધરેલા સમાજને ગળી જવા મોં ફાડીને બેઠેલો છે - **હેન્રી જ્યોર્જ**
- કર્તવ્યમાં ઉપેક્ષા કરવા બદલ પોતે પોતાને ઠપકો આપવો તેનું નામ પશ્ચાતાપ - **ઓરેલિયસ**
- ગુણની પાછળ મોટાઈ પડછાયાની પેઠે આવે છે - **સિસેરો**
- 'મૃત્યુ અહીં અને અત્યારે જ હાજર છે' - **રાજા સોલોમનની વીંટીમાં કોતરાયેલા શબ્દો**
- ધન એ રાજકારણ માટે માનું ધાવણ છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : દાડમના પાન બાળી ને તેની રાખમાં કોપરેલ મેળવી તે પેસ્ટ ફોડલા-ગુમડા પર લગાડવાથી રાહત થાય છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ઈટાલીના મહાન સંગીતકાર તોસ્કાનીની ખૂબ નમ્ર સ્વભાવ. તેઓ સંગીતના કાર્યક્રમ કરે, પરંતુ 'વન્સમોર' કદી સ્વીકારતા નથી. કદી કાર્યક્રમ પૂરો કરી શ્રોતાઓની તાળી પણ ઝીલવા પણ ઊભા રહેતા નહીં. એકવાર સંગીતકાર બીથોવનની ધૂન ખૂબ ફાંકડી રીતે રજૂ કરી. શ્રોતાઓ ખૂબ તાળી પાડી વધાવી લીધા. સૌ એ કહ્યું, તોસ્કાનીને સ્ટેજ પર બોલાવો. પણ તોસ્કાનીની તો છેલ્લે સૂર વગાડીને જતા રહ્યા અને ફરી સ્ટેજ પર આવવા તૈયાર નહોતા. થોડીવારમાં શ્રોતાઓ દેકારો અને પછી હુલ્લડ થઈ જાય એવી ભીતી લાગી. આમ વણસતી પરિસ્થિતિ જોઈ આયોજકો એ હાથ પગ જોડીને તોસ્કાનીની ને સ્ટેજ પર લઈ આવ્યા. શ્રોતાઓએ કહ્યું, 'તમારે કંઈક બોલવું જ પડશે.' તોસ્કાનીની ગંભીર થઈ માંડ એક જ વાક્ય બોલ્યા, 'તમે મારા સંગીતનું સન્માન કરો છો તે સારું છે. પણ મેં જે ધૂન વગાડી છે તેની રચના તો બીથોવને કરી હતી, એટલે આ સન્માનને હું લાયક નથી. પણ આપણે સૌ બીથોવનને તાળીથી વધાવી લઈએ.'

તોસ્કાનીની નમ્રતા ઉપર શ્રોતા વારી ગયા.

# મિચ્છામી દુક્કડમ્ : જય ગણેશ દેવા!

**તંત્રીસ્થાનેથી...**

પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહૂતિ સાથે જ ભાદરવાના તહેવારો શરુ થઈ જાય છે. ચાર્તુમાર્સ એટલે પર્વોનું પોટલું પર્યુષણ પર્વને તો જૈન ધર્મમાં 'પરાધિરાજ'નું બિરુદ સાંપડેલું છે. આ પર્યુષણ પર્વની અંતિમ કડી તે સંવત્સરી, સંવત્સરી અને ગણપતિ ચોથ એક જ દિવસે આવતી હોઈ આ દિવસે શું જૈનો કે શું હિંદુઓ - બધા ઓલેઝોલે હોય છે. સંવત્સરી એ જાણે અજાણ્યે થઈ ગયેલા અપરાધોનું પાપ પ્રક્ષાલન પર્વ છે. પ્રતિક્રમણ કરી શ્રાવકો તમામ જડચેતન તત્ત્વોની ક્ષમા ઉપરાંત જીવ માત્રને જીવવાનો અધિકાર માત્ર જૈન ધર્મનું પ્રદાન છે. જૈન ધર્મ સમાનત ધર્મ જેટલો જ પ્રાચીન છે. એની તીર્થંકર પરંપરા વિશિષ્ટ અને વૈજ્ઞાનિક વિચારધારા પર અવલંબે છે. ભગવાન વિશેની પરંપરાગત માન્યતા વિરુદ્ધ જૈનદર્શન એવું પ્રતિપાદિત કરે છે કે મનુષ્ય જ એનાં સત્કર્મોના બળથી તીર્થંકર પદ સુધી શકે છે.મહાવીર સ્વામીનું જીવન એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. માતાપિતા અને મોટા ભાની ઈચ્છાનો માન આપીનો મહાવીર સ્વામીએ છેક ત્રીસમા વર્ષે દીક્ષા લીધી હતી અને બાર વર્ષ સુધી કઠોર તપ કરી કેવળ જ્ઞાન મેળવ્યું હતું. તપશ્ચર્યા દરમિયાન એમણે ઘણા ઉપસર્ગો સહન કરવા પડ્યા હતા પરંતુ વહન કરવું અને ક્ષમા આપવી એ તો એમનો સ્વભાવ હતો ક્ષમા આપવી એ વીરનું ભૂષણ છે. સજા તો સૌ આપી શકે, ક્ષમા કોઈ વીરલા જ આપી જાણે. ક્ષમાપનાના આ પર્વ નિમિત્તે સર્વે જૈન-અજૈન વાચકોને ગાંધીનગર સમાચાર 'મિચ્છામી દુક્કડં' પાઠવે છે. વળી ગણેશ તો આપણી ભારતીય સંસ્કૃતિના 'પરથમ પહેલા દૂંદાળા દેવ.' કોઈ પણ શુભ કાર્યની શરુઆત એમની પૂજાથી થાય. હાથીનું મસ્તક અને ઉંદરનું વાહન એ કેવા પ્રતીકાત્મક રહસ્યો ધરાવે છે. તેનું વર્ણન અહીં શક્ય નથી. પરંતુ ગણેશનું બુદ્ધિચાતુર્ય પ્રતાપી જયેષ્ઠ બંધુ કાર્તિકેય કરતાં ચડિયાતું સાબિત થયું છે. માતાપિતાની પ્રદક્ષિણામાં અડસઠ તીરથનું પુણ્ય સમાઈ જાય છે, તે ગણપતિએ શીખવ્યું છે મહાભારત જેવા મહાકાવ્યના રચયિતા વેદવ્યાસ પણ એના લહિયા તો ગણેશ જ. ગણેશના નામ પર લોકમાન્ય તિલકે સ્વાતંત્ર્ય ચળવળ ને નવા આયામ બક્ષ્યા. મહારાષ્ટ્રમાં શરુ થયેલ ગણેશોત્સવ હવે તો ભારતભરમાં ભારે ધામધૂમપૂર્વક ઉજવાય છે. નવરાત્રી પૂર્વે આવતા આ ઉત્સવ દરમિયાન એક અજબગજબનું આધ્યાત્મિક વાતાવરણ બંધાય છે. વિશાળ ગણેશ પ્રતિમાઓનું સ્થાપન, પૂજન અને વિસર્જન જળાશયો અને નદીઓમાં પ્રદૂષણ ફેલાવતું હોઈ માટીની પ્રતિમાઓની ઝુંબેશ આરંભાઈ છે. ગણેશ ઝીણી આંખે આ દેશની દશા જોઈ રહ્યા છે. એમનો તો ભૂત-ભવિષ્ય અને વર્તમાનનું વિકાળજ્ઞાન સુલભ છે. ભવિષ્યને સૂંઢ વડે સૂંઘી લઈ એ માણસને સાચા માર્ગે વાળે, એટલી પ્રાર્થના જરૂર કરીએ બોઉ પર્વો ઊંચી આધ્યાત્મિકતાના પર્યાય જેવાં છે એ આપણને આપણી ખૂબીઓ અને ખામીઓ સૂચવી જાગ્રત કરે છે. માણસ તરીકે આપણે ભગવાન મહાવીર અને દૂંદાળા દેવ ગૌરીપુત્ર ગણેશનો આટલી જ પ્રાર્થના કરીએ હું માનવી માનવ થાઉં તો ઘણું...

# મોરયા રે બાપા...!





**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

મુંબઈથી પૂના જવાને રસ્તે બે સ્થળો મહત્ત્વનાં છે - મોરગાંવ અને ચિંચવડ. મોરગાંવમાં વિદ્વાન અને સજ્જન બ્રાહ્મણ વામન ભટ્ટ હતા. તેમને નિઃસંતાનપણાનું દુઃખ હતું. તેથી એમને પત્નીની સાથે ગણપતિના સ્વરુપ મયૂરેશ્વરની ઉપાસના કરી. એમને પુત્ર જન્મ થયો. 'આ ગણપતિની કૃપા છે.' એમ માનીને એનું નામ 'મોરયા' પાડ્યું. એનો જન્મ ઈ.સ. ૧૫૭૫માં થયો.

મોરયા ગણેશભક્ત થયા. એમણે ૪૨ દિવસ ગણેશની તપસ્યા કરી. લોકો એને સંત મોરયા ગોસાવી તરીકે ઓળકતા. એના માતાપિતાનું અવસાન થયું. એમનાં લગ્ન થયાં. એમને 'ચિન્તામણિ' નામનો પુત્ર થયો. ગણેશ ભક્તિ એમનાં વંશમાં ઊતરી આવી.

હવે મોરયાને લાગ્યું કે ગણેશ સાધના માટે અનુકૂળ સ્થળ શોધવું જોઈએ. આથી એ ચિંચવડ આવ્યા. આ સ્થળેથી ડાબી બાજુએ દોઢ માઈલને અંતરે સ્થિર થયા. પરંતુ મોરગાંવના મયૂરેશ ગણેશનું સ્મરણ એના મનમાંથી ખસતું ન હતું.

એને ખબર હતી - આ મયુરેશ અથવા મયૂરેશ્વર ગણેશ જ છે. એટલે તો પોતાનું નામ 'મોરયા' પડ્યું છે. સ્વયં મયૂરે જ ગણપતિને વિનંતી કરી હતી કે, 'મારા નામ સાથે આપનું નામ જોડાયેલું રહે.'

એમને મોરગાંવના ગણેશનું સ્મરણ તીવ્ર બન્યું. એણે નિર્ણય લીધો - 'દર મહિનાની ચોથના દિવસે તે ચાલીને મોરગાંવ જતા. દર્શન કરીને પાછા ચાલતા આવતા.' આ ક્રમ લાગલગાટ ૮૦ વર્ષ ચાલ્યો.

પરંતુ હવે તે અવસ્થાને કારણે અશક્ત થઈ ગયા. ચાલીને જઈ શકે તેમ ન હતા. એમણે મોરગાંવના ગણપતિને વિનંતી કરી. 'તમે અહીં આવી ન શકો?' એકવાર બ્રાહ્મમુહૂર્તમાં પુણ્યસલિલા નદીમાં એ સ્નાન કરી રહ્યા હતા. જમણા હાથની હથેળી પાસે કશુંક અફળાયું. એણે હાથમાં લીધું તો આશ્ચર્ય! મોરગાંવ વાળી જ પ્રતિમા હતી ! એણે એની વિધિપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરી.

હવે સંત મોરયા ગોસવાની પ્રસિદ્ધિ બહુ ઝડપથી ફેલાવા લાગી. એ વખતે દિલ્હીમાં મોગલ બાદશાહ અકબરનું શાસન હતું. એમના વતી પૂનામાં એમના શાસનસૂબા તરીકે સરદાર અલ્લાઉદ્દીન હતો. એ આ પ્રસિદ્ધિથી પ્રભાવિત થયો.એ રૂબરૂ આવ્યો. સંતને ચરણે પડ્યો અને ગણેશપ્રતિમાનાં ભાવપૂર્વક દર્શન કર્યા.

ઈ.સ. ૧૬૫૫માં માગશર મહિનાની વદ છઠનો દિવસ હતો. સન્તને પોતાની જાતે પોતાની જીવનલીલા સંકેલવી હતી. તેથી આ દિવસે એમણે જીવંત સમાધિ લઈ લીધી! ચિંચવડમાં એમની સમાધિ છે અને ત્યાં એમને મળેલી પ્રતિમા પ્રસ્થાપિત છે. દર વરસે આ તિથિએ મહોત્સવ થાય છે. અનન્ય ગણેશભક્ત સંત મોરયાનું નામ ત્યારથી ગણપતિ સાથે જ બોલાવા લાગ્યું - ગણપતિ બાપા મોરયા.

# ક્યા રાજાને ભારતના નેપોલિયન તરીકે ઓળખવામાં આવે છે?

## વિશ્વનો ઈતિહાસ

(૧) બીજા વિશ્વયુદ્ધમાં મિત્ર રાષ્ટ્રો દ્વારા હારનાર અંતિમ રાષ્ટ્ર કયું હતું ?
(અ) જર્મની (બ) ફ્રાન્સ
(ક) રશિયા (ડ) જાપાન

(૨) અમેરિકાએ હિરોશીમા પર નાખેલા અણુબોમ્બનું નામ શું હતું ?
(અ) ફેટમેન (બ) લિટલ બોય
(ક) જાયન્ટ મેન (ડ) સ્પાઈડર મેન

(૩) 'વોટર લૂ' કોની હાર માટેનું જાણીતું સ્થળ છે?
(અ) હિટલર (બ) નેપોલીયન
(ક) માર્નોવ (ડ) મુસોલિન

(૪) મુસ્તફા કમાલ પાશા કયા ગણતંત્ર દેશના પ્રથમ રાષ્ટ્રપતિ હતા ?
(અ) ઈટલી (બ) પોર્ટુગલ
(ક) બેલ્જિયમ (ડ) તૂર્કી

(૫) ૨૮ જૂન ૧૯૧૯ના રોજ વર્લેલ્સની સંધિ કયા દેશ સાથે થઈ હતી ?
(અ) ઈટલી (બ) જર્મની
(ક) ફ્રાન્સ (ડ) લક્ઝમ્બર્ગ

(૬) પ્રથમ વિશ્વયુદ્ધમાં કેટલા દેશોએ ભાગ લીધો હતો ?
(અ) ૩૦ (બ) ૩૭
(ક) ૩૯ (ડ) ૪૫

(૭) જર્મનીમાં નાઝી પક્ષની રચના કોણે કરી હતી ?
(અ) હિટલરે (બ) મુસોલિની
(ક) નેપોલિયને (ડ) વિસ્ટન ચર્ચિલ

(૮) યુક્રેટિસ અને નાઈગ્રીસ નદીઓ વચ્ચેના પ્રદેશને શું કહેવામાં આવે છે ?
(અ) કોન્સ્ટેન્ટીનોપલ (બ) નાઈલ સંસ્કૃતિ પ્રદેશ
(ક) મેસોપોટેમિયા (ડ) ગ્રીસ

(૯) ઈલિયડ અને ઓપીડી મહાકાવ્યોની રચના કોણે કરી હતી?
(અ) હમ્બુરાબી (બ) હેરોડોટસ
(ક) જહોન મિલ્ટન (ડ) રામાનુજન

(૧૦) કોને ભારતનો આઈન્સ્ટાઈન કહેવામાં આવે છે ?
(અ) નાગાર્જુન (બ) કણાદ
(ક) આર્યભટ્ટ (ડ) રામાનુજન

(૧૧) કયા રાજાને ભારતનાં નેપોલિયન તરીકે ઓળખવામાં આવે છે ?
(અ) સમ્રાટ અશોક (બ) સમુદ્રગુપ્ત
(ક) મહારાણા પ્રતાપ (ડ) સૂર્યવર્મન

(૧૨) બીજા વિશ્વયુદ્ધમાં વિશ્વના કેટલા દેશો જોડાયા હતા?
(અ) ૫૫ (બ) ૬૧
(ક) ૬૫ (ડ) ૬૯

(૧૩) સિકંદરના સેનાપતિનું નામ શું હતું ?
(અ) સેલ્યુકસ નિકોટર (બ) સેમ્યુઅલ એડમ
(ક) અબુ બકર (ડ) સ્ટાલિન

(૧૪) ૩ સપ્ટેમ્બર ૧૭૮૩માં કયા બે દેશો વચ્ચે પેરિસ સંધિ થઈ હતી ?
(અ) ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ (બ) ફ્રાન્સ અને અમેરિકા
(ક) ઈંગ્લેન્ડ અને અમેરિકા (ડ) ફ્રાન્સ અને જર્મની

(૧૫) મિરાબો, લાફાયેત અને રોબ્સપિયર નેતાઓ કઈ ક્રાંતિ સાથે જોડાયેલા હતા ?
(અ) રશિયન ક્રાંતિ (બ) ફ્રાન્સ ક્રાંતિ
(ક) જર્મન ક્રાંતિ (ડ) ત્રણેમાંથી એક પણ નહિં

## વિવિધા

**વિષય : મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૫ ઓગસ્ટ ૧૮૯૭ : હરિનારાયણ આચાર્ય :** ખ્યાતનામ પ્રકૃતિવિદ, વિરમગામમાં જન્મેલા 'વનેચર'ના ઉપનામથી જાણીતા થયા. ૧૯૪૭માં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો. ૧૯૮૪માં અવસાન થયું.
- **૨૭ ઓગસ્ટ ૧૯૧૦ : મધર ટેરેસા :** યુગોસ્લાવિયામાં જન્મ. મૂળ નામ એગ્નેસ ગોનકશા બોઝાશિયા હતું. દયાની મૂર્તિ. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક એવોર્ડથી સન્માનિત. નોબેલ વિજેતા. ૧૯૯૭માં નિધન થયું.
- **૨૮ ઓગસ્ટ ૧૮૨૮ : લિયો ટોલસ્ટોય :** તત્ત્વ ચિંતક : રશિયામાં જન્મ, વિશ્વ બંધુત્વનો સંદેશ આપનાર, રૂસોના ચાહક ૧૯૧૦માં અવસાન થયું.
- **૨૯ ઓગસ્ટ ૧૮૮૭ : ડૉ. જીવરાજ મહેતા :** ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી અમેરલીમાં જન્મ. મેડિકલ કૉલેજની તમામ પરીક્ષાઓમાં પારિતોષિક મેળવી પાસ થયા. 'હિન્દ છોડો' આંદોલનમાં જેલ ગયા. ૧૯૭૮માં અવસાન થયું.
- **૩૦ ઓગસ્ટ ૧૯૨૧ : સંગીતકાર શૈલેન્દ્ર :** હિન્દી ફિલ્મના મશહૂર ગીતકાર. વિદ્યાર્થી અવસ્થામાં ગીતો લખવાનો શોખ હતો. મુંબઈ આવ્યા. ફિલ્મો માટે ગીતો લખવાના શરુ કર્યા. શંકર -જયકિશન સાથે અનેક ગીતો રચ્યા. ૪૧ વર્ષની ઉંમરે ૧૯૬૬માં અવસાન થયું.
- **૩૧ ઓગસ્ટ ૧૯૩૩ : ધીરુભાઈ પરીખ :** વિરમગામમાં જન્મ. ભાષા સાહિત્યના વિદ્વાન, કવિતા, વિવેચન, અનુવાદ તેમજ સંપાદન ક્ષેત્રે કામ કર્યું. 'કુમાર' અને 'કવિલોક' સામાયિકમાં તંત્રી તરીકે સેવા આપી.

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**ઉત્તરપ્રદેશ સરકારમાં આરોગ્ય મંત્રી તરીકે કયા નેતા જવાબદારી અદા કરે છે**

**જવાબ : સિદ્ધાર્થનાથ સિંહ**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો



**ખજાનો**
**અનિલ પટેલ**

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) હાર્દિક એન. ભટ્ટ : બ્રાઈટ
(૬) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૭) ધાર્મિક. એલ. પટેલ : ધોળેશ્વર પાસે

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં શિક્ષણશાસ્ત્રી અને વૈજ્ઞાનિક તથા યુ.જી.સી.ના પૂર્વ ચેરમેન એવા કયા મહાનુભાવનું અવસાન થયું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) ડ (૨) અ (૩) બ (૪) ડ (૫) બ (૬) બ (૭) અ (૮) ક (૯) અ (૧૦) બ (૧૧) બ (૧૨) અ (૧૩) અ (૧૪) ક (૧૫) બ

# સ્વાઈન ફ્લુની પરાકાષ્ઠા



**તન દુરસ્તી**
**મહેન્દ્ર ગજ્જર**
**ડૉ. દિનેશ રાઠોડ**

અરે ઓ મફતભાઈ...! નામ મફત હોય એટલે બધુ મફતમાં ફેંક ફેક જ કરવાનું...! લીંબુ, મીઠું, આદુ, તુલસી, હળદર અને અજમો, કડવો ઉકાળો આ બધાથી સ્વાઈન ફ્લુ મટી જતો હશે ? મફતભાઈ ખાલી મફતમાં ફેંકફેંક નહીં કરવાનું. ઘણી વખત આવી બધી વાતો હવામાંથી સાંભળવા મળે છે. બહુ જ તકલીફ પડે. શું સાચું, શું ખોટું એ કંઈ જ સમજાય નહીં. ડૉક્ટરો જેને આપણે ભગવાનની સમકક્ષ મૂકી શકીએ. કારણ કે તેમની પાસે જ્ઞાન છે, મેડીકલ સાયન્સમાં સારો એવો અભ્યાસ કર્યો છે, એ લોકો મફતલાલની જેમ મફતમાં ફેંકતા નથી. ડૉક્ટરો હંમેશા તાજવામાં તોલીને શબ્દો બોલતા હોય છે. જેના અર્થ - અનર્થ શું થઈ શકે એ બરાબર સમજતા હોય છે. ડૉક્ટરોનું કહેવું એમ છે કે, સ્વાઈન ફ્લુ એ ઈન્ફ્લ્યુએન્ઝા છે અને ઈન્ફ્લ્યુએન્ઝા એટલે ફ્લુ અને ફ્લુ તમે કોઈપણ માણસને પૂછો એટલે તરત જ કહી દેશે કે વાઈરલ ઈન્ફેકશન છે. આમ તો એવું કહેવાય છે કે કંઈ પણ સમજણ ન પડે એટલે ડૉક્ટરો વાઈરલ છે અથવા તો વાઈરલ ઈન્ફેકશન છે એમાં ખપાવી દે છે. પણ આ વાતમાં એવી વાત નથી. ઈન્ફ્લ્યુએન્ઝામાં H1N1 નામના વાઈરસ હોય છે અને એ વાઈરસનું ઈન્ફેકશન એટલે જ સ્વાઈન ફ્લુ. ચારે બાજુ લોકો, સરકાર, સામાજિક સંસ્થા બધા જ પોતપોતાની રીતે લોકોને બચાવવાનો પ્રયત્ન કરે છે. બધા એક જ વાત કહેતા હોય છે કે ભાઈ શરદી થઈ હોય તો એને હલકામાં ન લો, તાત્કાલિક દવા, તાત્કાલિક એની તપાસ કરાવો. શક્ય હોય તો ડૉક્ટરની સલાહથી સ્વાઈન ફ્લુની દવા ટેમીફ્લુ પણ ચાલુ કરી દો. ભીડવાળી જગ્યા પર ન જાવ, નાટક-સિનેમા કોઈપણ ગુણોત્સવ, નવરાત્રી, અંબાજીની પદયાત્રા બધાથી દૂર રહો. બધામાં ભગવાન - માતાજી છે જ. ભગવાન અને માતાજીને ઘરમાં બેસીને ભજો. તમે પણ સ્વાઈન ફ્લુથી બચો અને લોકોને પણ એ સલાહ આપો. આવું બધા કહે છે. સાચું જ કહે છે, પણ આપણે માનશું નહીં. આપણે તો વર્ષોથી અંબાજી જવું છું, આ વખતે માતાજીની ઈચ્છા છે અને માતાજી મારી મદદ કરશે. નવરાત્રીમાં ગરબા તો રમવાનો જ, પહેલો નંબરનો લાવવાનો જ, વર્ષોથી આપણો રેકોર્ડ છે. સિનેમા - નાટક પહેલા શોમાં જોવાનું. સ્વાઈન ફ્લુની ઐસી કી તૈસી આવું જ માનનારા માણસો અત્યારે ઘણાં બધાં વેન્ટીલેટર પર પડ્યા છે. સવાલ એ થાય કે કેમ વેન્ટીલેટર પર ? સ્વાઈન ફ્લુ તો સામાન્ય રોગ છે ને, તો વેન્ટીલેટર પર શા માટે ? સ્વાઈન ફ્લુના જંતુ H1N1 ગળામાં અને નાકમાં જમા થતાં હોય છે, ત્યાંથી એ ફેંફસાંમાં પોતાનો પગપેસારો કરે છે અને બંને ફેફસાં વાયરલ નિમોનિયા એટલે કે કફથી ભરી દે છે. એટલે માનવ જાત આરામથી શ્વાસ લઈ શકતું નથી અને તેને લીધે શરીરની બધી જ પ્રક્રિયા એકદમ ધીમી અથવા તો સ્થગિત થઈ જાય છે. શ્વાસ ચડે છે, તાવ આવે છે, ઓક્સિજન બધા જ અવયવોને મળતો નથી તેથી શરીરના બધા જ અંગો બ્લ્યુ (વાદળી) થઈ જાય છે. બ્રેન (મગજ) કામ કરતું અટકી જાય છે કારણ કે તેને ઓક્સિજન નથી મળતો અને તેને લીધે થોડાક જ કલાકોમાં મનુષ્ય વેન્ટીલેટર પર પહોંચી જાય છે. સામાન્ય રીતે વાઈરસ ઉપર કોઈપણ દવાની અસર થતી નથી અથવા તો ઓછી થાય છે. કારણ કે વાઈરસ ઉપર કામ કરે એવી દવાઓ બહુ જ ઓછી બની છે અને જે બની છે તેની તાકાત દર વર્ષે બદલાતી રહે છે, એનું કારણ કે વાઈરસ દર વર્ષે નવા વાઈરસ ઉત્પન્ન કરે છે જેની કામ કરવાની પદ્ધતિ જુદી જુદી હોય છે. એટલે એને પહોંચી વળવા નવી નવી પ્રકારની દવાઓ બનાવવી પડે. જેમ પોલીસ કરતાં ચોર હોંશિયાર હોય છે એવી જ રીતે વૈજ્ઞાનિક કરતાં વાઈરસના જંતુ વધારે હોંશિયાર હોય છે અને વધારે આગળ પડતા હોય છે. એટલે માનવજાતે આ સહન કરવું જ રહ્યું. પોતાની જાતને બહુ મોટી માની અથવા તો મને કંઈ થાય જ નહીં, મારામાં બહુ તાકાત છે એવી ખોટી બડાસો મારવી ન જોઈએ અને જે પ્રમાણે ડૉક્ટરો, વૈદો સલાહ આપતા હોય તે પ્રમાણે જીવવું જોઈએ. આજે આ દુનિયાનો એક પણ ભાગ, એક પણ ખૂણો એવો નથી કે જ્યાં સ્વાઈન ફ્લુ નથી થતો. એટલે કે કોઈ સરકાર, કોઈ ગ્રુપ અથવા કોઈ દેશ સ્વાઈન ફ્લુમાંથી મુક્ત નથી. અને કોઈપણ દેશની સરકાર ઉપર આધારિત નથી. જ્યારે વાતાવરણમાં અસમાનતાથી ચડાવ ઉતાર આવતો હોય એટલે કે ભેજવાળું વાતાવરણ, ગરમી થોડી ઠંડી આવું થતું હોય ત્યાં સ્વાઈન ફ્લુના વાઈરસ જે નાના પ્રમાણમાં હોય છે તે અગ્રેસર થઈને માનવજાત ઉપર પોતાની સો ગણી તાકાતથી હુમલો કરે છે અને મનુષ્ય જાતને તહસનહસ કરી દે છે. દુનિયાની કોઈપણ સરકાર સ્વાઈન ફ્લુમાંથી બાકાત નથી. એટલે કે કોઈ પણ સરકારે સ્વાઈન ફ્લુને બહુ વધારે પ્રમાણમાં નથી ફેલાયો અને બહુ ચિંતા કરતા નહીં અથવા તો બહુ જ ચિંતા કરો અથવા તો અમે સ્વાઈન ફ્લુને રોકી લઈશું અથવા તો નથી રોકી શકતા એવું કાંઈ હોતું જ નથી. આ સામાન્ય રીતે વાતાવરણમાં વધારે પ્રમાણમાં ઊંચનીચ થાય ત્યારે સ્વાઈન ફ્લુ થવાનો જ એમાં દુનિયાની કોઈપણ સરકાર કશું જ ન કરી શકે. ફક્ત તમારે એટલે કે લોકોએ અમુક રીતે જેમ ઉપર બતાવ્યા પ્રમાણે

અનુસંધાન પાના નં. ૭ પર